# અમેરિકી વાઘ ઈરાનમાં આવી રહ્યો છે

ડોનાલ્ડ ટ્રમ્પ ક્યારેક કહે છે કે એ ઈરાન પર આક્રમણ કરશે, ક્યારેક કહે છે કે ઈરાન વાટાઘાટો માટે તૈયાર છે. ઈરાન સાથે નવી સમજૂતી થશે તો અમેરિકા યુદ્ધ નહીં કરે. બીજી તરફ એ ઈરાન તરફ, આસપાસની અમેરિકી છાવણીઓ અને અમેરિકી નૌકા બેડાઓ તરફ યુદ્ધ વિમાનો સહિતની ખેપો મોકલવા માંડ્યા છે. ઈરાનની પ્રજા ડરમાં જીવી રહી છે. વાઘ આવ્યો, વાઘ આવ્યો થઈ રહ્યું છે. ગયા જુન મહિનાથી આ સ્થિતિ છે. ઈરાનની પ્રજાના આંતરિક વિદ્રોહ વખતે 86 વર્ષના બુઢ્ઢા આયાતુલ્લાહ અલી ખામેનીએ બેસુમાર લોકોને મારી નાખીને ઈરાનના સૌથી મોટા વિદ્રોહને કચડી નાખ્યો હતો. એ અગાઉ ઈરાન-ઈઝરાયલના યુદ્ધમાં અમેરિકાએ સક્રિય ભૂમિકા ભજવી હતી. અમેરિકાએ આ બન્ને યુદ્ધનો એક તરફી અંત જાહેર કર્યો ત્યારે એ પણ જાહેર કર્યું હતું કે જો ઈરાન સીધા રસ્તા પર નહીં ચાલે તો અમે ફરીથી પાછા આવીશું અને ઈરાનને વધુ ખોંખરૂ કરીશું. ત્યારબાદ ઈરાનીઓનો આંતરિક બળવો થયો. બુઢ્ઢા, બેરહમ કાતિલ શાસકે ચાલીસ હજાર લોકોના જીવ લીધા છે, નાગરિકોને ધોખામાં રાખી કત્લ કરી નાખી ત્યારે બોલવાની ટેવ પડી ગઈ છે એટલે ટ્રમ્પ બોલ્યા હતા કે ઈરાનની પ્રજા વિરોધ ચાલુ રાખે, અમેરિકા તરફથી મદદ રવાના થઈ ચૂકી છે, રસ્તામાં જ છે. એ મદદ ક્યારેય ગંતવ્ય સુધી પહોંચી નહીં. ત્રસ્ત પ્રજા સાથે વધુ મજાક થઈ અને બીજા હજારો લોકો માર્યા ગયા.

ત્યારબાદ ટ્રમ્પની ફજેતી થઈ, આલોચનાઓ થઈ. ટ્રમ્પ માત્ર એક ધમકીબાજ બનીને રહી ગયા છે. છેલ્લા મોકા વખતે હરેરી જાય છે. ઈઝરાયલ યુદ્ધ સમયનું વચન બાકી છે અને બીજું આંતરવિગ્રહ વખતે આપેલું વચન બાકી છે. ટ્રમ્પ એક સિદ્ધાંત માટે, પૈસાની ગણતરી બાજુએ રાખી, માત્ર કોઈ પ્રજાના છૂટકારા માટેની ભાવના માટે લડી ચૂકે એવા નથી. દરેક પ્રસંગમાં એ અમેરિકાનું આર્થિક હિત વિચારે છે. એ લાયમાં નથી. આર્થિક હિત સુધરતું અને નથી અમેરિકાની આણ ઊંચે જતી. બલ્કે ઘટી રહી છે.

ઈરાનની કચડાયેલી, મરવા તૈયાર થયેલી અને એક મોટી સંખ્યામાં મરી ગયેલી પ્રજાને મુરખ બનાવી તે બાબતમાં ટ્રમ્પ કોઈ અપરાધભાવ અનુભવતાં નહીં હોય. અન્યથા આવું કરે જ નહીં. કહે છે કે ઈરાન પાસે ચારસો કિલોગ્રામ શુદ્ધ યુરેનીઅમ છે, જેમાંથી તે એક કે બે અણુબોમ્બ બનાવી શકવાની સ્થિતિમાં છે. તેનો અર્થ એ થયો કે જે અમેરિકા છેક 1945 થી અણુશસ્ત્રો અને દૂર જતી મિઝાઈલોના ગોદામો ખડકી રહ્યું છે તે નવા નિશાળિયા ઈરાન પાસેના દોઢ અણુબોમ્બથી ડરી ગયું, પણ સાવ આવું નહીં હોય. ઈરાન પાસે કોઈક વધુ ગંજાવર તાકાત હોવી જોઈએ. એટલે કદાચ ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનને નેસ્તનાબૂદ કરવાનું મિશન અટકાવી દીધું હોય. બીજી શક્યતા પ્રથમ શક્યતામાંથી જન્મે છે અને તે એ કે ગયા જુનના લશ્કરી મિશનમાં ઈઝરાયલ અને અમેરિકા સાથે મળીને ઈરાનની પરમાણુ તાકાતને કચડી શક્યા નથી. ગાઝા પટ્ટી, લેબેનોન વગેરેમાં લાંબા સમયના સતત યુદ્ધ બાદ ઈઝરાયલની સેનાને થાક લાગ્યો હતો.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

વ્યવસ્થા ચુસ્ત-દુરસ્ત રહી ન હતી તેથી યુદ્ધ બંધ કરી દીધું. કદાચ, સમજાયું હોય કે ઈરાનને નિશસ્ત્ર બનાવી દેવાનું આસાન નથી. માટે વધુ ચુસ્તબંધ તૈયારીઓ કરવા ઈઝરાયલ-અમેરિકાએ સમય લીધો છે. ઈઝરાયલ માટે ઈરાન એક દુઝતું નાસુર છે. જ્યાં સુધી પરમાણુ કાર્યક્રમ સાથેનું ઈરાન અસ્તિત્વ ધરાવશે ત્યાં સુધી યહૂદીઓ શાંત બેસી રહેવાના નથી. યહૂદીઓને આ જાત પરનો ખતરો લાગે છે અને યહૂદીઓને આ ધરતી પરથી સાફ કરવાની ઈચ્છાઓ હમાસ, હિઝબોલ્લાહ, ઈરાનના નેતાઓ અને એમના ભેરૂ રાષ્ટ્રોના વડાઓ, જેમ કે તુર્કીયેના રશીદ ઓર્દોગાન સહિત, અનેક વખત ઉચ્ચારી રહ્યા છે.

સમાંતરે ત્રીજું સત્ય એ છે કે અમેરિકા પર કોઈપણ પક્ષની સત્તા હોય, રિપબ્લિકન કે ડેમોક્રેટસ હોય, સરકારના મહત્વના નિર્ણયો અમેરિકાની ઉદ્યોગપતિઓની યહૂદી લોબીનો ઈચ્છાઓ અને ઈશારાઓને આધારે લેવામાં આવે છે. ટ્રમ્પ કદાચ માથે ઊભા રહીને ઈરાનીઓને મરાવી નાખે, પણ યહૂદીઓની ઈચ્છાને અવગણી શકશે નહીં. જો એ ઈરાન પર ઈઝરાયલના આગ્રહને વશ થઈને આક્રમણ કરશે તો મદદ તૈયાર છે, રસ્તામાં જ છે એ જુઠ વચનને પણ સત્યમાં ફેરવવાનો મોકો એમને મળી રહેશે. એમને એકબીજી જીજિવિષા નડી રહી છે. નોબેલ પુરસ્કારના પ્રેમમાં મહારાજા પડ્યા છે. ઈઝરાયલનું કહ્યું માને તો તે ગુમાવવાનો વારો આવે. પીગળી ગયા.

એ ક્યારે શું કરશે તે નક્કી નહીં. હાથમાં નવું રમકડું અણુશસ્ત્રો ધરાવતાં થઈ જાય તો મધ્ય-પૂર્વમાં ક્યારેય શાંતિ સ્થાપી શકાશે નહીં.' આ ટ્રમ્પની દલીલ હતી.

ટ્રમ્પની વાઘ આવ્યો રેની શૈલીને કારણે દુનિયા હવે એમને ગંભીરતાથી લેતી નથી. પરંતુ એ અમેરિકાના પ્રમુખ છે એટલે સાવ મજાકમાં પણ  ન લઈ શકાય. વળી એમના જોડીદાર તરીકે ગંભીર લીડર બેન્જામીન નેતાનયાહુ તો છે જ. માટે ધમકીને ગંભીરતાથી લેવી પડે અને દર વખતે લેવી પડે. ટ્રમ્પ અગાઉ પણ આવી ચેતવણીઓ વારંવાર આપી ચૂક્યા છે. જુનના યુદ્ધ વખતે એ બોલ્યા હતા કે ઈરાન પર યુદ્ધના ઈઝરાયલી મિશનમાં અમેરિકાને જોડવું કે નહીં તેનો નિર્ણય પોતે પંદર દિવસ બાદ લેશે. પરંતુ એ બોલ્યાના માત્ર ત્રણ દિવસમાં અમેરિકા ઈરાન પર બી-ટુ બોમ્બર વિમાનો સાથે પહોંચી ગયું હતું. દુશ્મન દેશો જાણતા હોય છે કે કોઈ પણ વાતને હલવાશથી લઈ શકાય નહીં. મુખ્યત્વે તે ગેરમાર્ગે દોરવા, અથવા ગાફેલ રાખવા માટે થતી



**હમણાના દિવસોમાં અમેરિકાએ લડાયક વિમાનો સહિત વિશાળ માત્રામાં સૈનિક શસ્ત્ર-સરંજામ ઇરાનના આસપાસના દેશોમાં ખડકી દીધો છે.**

આપી દો એટલે જૂનાને ભૂલી જાય. હજી બુધવારે તો ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચી બોલ્યા હતા કે અમેરિકા સાથેના શાંતિ કરાર બાબતની પ્રમુખ શરતો પર બન્ને દેશોની સહમતી સધાઈ ચૂકી છે અને તેને આખરી ઓપ આપવા અને ત્યારબાદ અમલી જામા પહેરાવવાની દિશામાં બન્ને દેશો આગળ વધશે. સમાંતરે ઈરાન એ વાત સતત કરતું આવ્યું છે કે ઈરાનના અણુ કાર્યક્રમના ભોગે કોઈ સમજૂતી થશે નહી. ઈરાન પોતાનો કાર્યક્રમ પડતો નહીં. મૂકે અને યુદ્ધ થાય તો ઈઝરાયલ અમેરિકાને જોઈ લેવાની ધમકી પણ ઈરાન આપતું રહે છે. શક્ય છે કે આ પ્રકારના હાકલા પડકારા વડે ખૂદ ઈરાનની પ્રજાને જ ડરાવવામાં આવતી હોય. અથવા વહેમમાં રખાતી હોય. મુલ્લાઓના શાસને વિદ્રોહ બાદ બહેનોને હિજાબ તેમ જ વાહનો ચલાવવા બાબતે છૂટછાટ આપી છે. જો સત્તા જોખમમાં હોય તો ઈસ્લામના નિયમો મહત્વના રહેતા નથી. આટલી તોએ મૂલ્લાઓને ધર્મમાં શ્રદ્ધા છે.

એ બોલ્યા કે, 'હાલમા મધ્યપૂર્વના દેશોમાં શાંતિ છે અને એ શાંતિ જળવાઈ રહે તે માટેનું મુખ્ય કારણ એ છે કે ગયા જુનમાં અમેરિકાએ ઈરાન પર બી-ટુ બોમ્બરો વડે હૂમલો કર્યો હતો અને ત્યારબાદ શાંતિ જળવાઈ રહી છે. ટ્રમ્પ બોલ્યા કે એ હુમલામાં ઈરાનની અણુ ક્ષમતા સદંતર નષ્ટ કરી દેવામાં આવી હતી. હવે અમારે વધુ એક પગલું આગળ વધવું. પડશે. કદાચ અમે આગળ ન પણ વધીએ. ઈરાનીઓ પાસે અણુ શસ્ત્ર હોવાં જ જોઈએ નહીં. આ એક સાદી અને સરળ વાત છે. જો ઈરાનીઓ

હોય છે. ટ્રમ્પની હાલની ધમકીમાં મુખ્ય સૂર તો સંધિ માટેનો જ છે. ગુરુવારે એ બોલ્યા કે, 'ઈરાનીઓ સમગ્ર મધ્ય-પ્રર્વ પ્રદેશની શાંતિ અને સ્થિરતાને ડરાવી કે ધમકાવી શકે નહીં. તે આખા પ્રદેશને બાનમાં રાખી શકે નહીં અને ઈરાનીઓએ સંધિ-કરાર કરવા જ પડશે. જો એગ્રિમેન્ટ નહીં થાય તો ખૂબ ખાના ખરાબા થશે. અઘટિત બાબતો ઘટશે.'


હવે એ જાણવા મળે છે કે જ્યાં પણ બ્રિટિશ છાવણીઓ છે તેનો ઉપયોગ અમેરિકા ઈરાન પર હૂમલો કરવા માટે કરે તેની મંજૂરી આપવાની બ્રિટિશ સરકારને ના પાડી રહી હતી. પરંતુ ચાગોલ ટાપુના સમર્પણ બાદ ટ્રમ્પે સ્ટાર્મરની વધુ ટીકા કરી અને હવે સ્ટાર્મર લાઈનમાં આવી ગયા ચે તેમ કહેવાઈ રહ્યું છે. યુકેના ગ્લોસ્ટરશાયરમાં ફેરફોર્ડ ખાતે બ્રિટિશ સરકારનો વિશાળ એરબેઝ છે. તે પણ હવે અમેરિકા વાપરશે. કેઈર સ્ટાર્મરની બુદ્ધિનું પણ ઈંગ્લેન્ડમાં ઊંચું મૂલ્યાંકન થતું નથી. એમને એક 'વોક અને ડફોળ વડાપ્રધાન ગણાવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને બ્રિટિશ મિડિયા દ્વારા.

બીજી તરફ તહેરાન, ઈરાનની પ્રજા યુદ્ધના ઓથારમાં જીવી રહી છે. તેઓ જીવનાવશ્યક ચીજો એક સામટી ખરીદીને સંગ્રહ કરી રહી છે. ગુરુવારે રમઝાનના પવિત્ર મહિનાનો પ્રારંભ થયો. લોકો મોલ અને માર્કેટોમાં ઊમટી પડ્યા હતા. બીજી તરફ રશિયન નૌસેના સાથે મળી ઈરાનની નૌસેના કવાયતો યોજી રહી છે અને અમુક મિડિયા આઉટલેટ્સ અમેરિકી-ઈજરાયલની સેનાને પડકારો ફેંકી રહ્યા છે. પંદર દિવસ પછી શું થશે તે કુતુહલ બની રહેશે!•

# લોહિયાળ પ્રણય ત્રિકોણથી અમેરિકાની અગ્નિ પરીક્ષા

1906ની 25મી જુનની રાત. નિઓરિચના કળા પ્રેમના દેખાડા સમા ન્યૂયોર્કના મેડિસન સ્કવેર ગાર્ડનના રુફટોપ થિયેટરમાં મ્યુઝિકલ શો 'મેમઝે શેમ્પેઈન'ના ક્લાઈમેક્સની સમાંતર રિયલ લાઈફ ટર્ન્સ એન્ડ ટવીસ્ટ્સ આકાર લઈ રહ્યા હતા.

21 વર્ષની એક્ટ્રેસ એવલિન નિસ્બેટ મ્યુઝિકલના ક્લાઈમેક્સમાં ગળાડૂબ હતી, ત્યારે 35 વર્ષનો પતિ હેરી થો ગુસ્સામાં 52 વર્ષના સ્ટેનફોર્ડની સીટ સામે પિસ્તોલ કાઢીને ઊભો હતો. આઈ કુડ લવ અ મિલિયન ગર્લ્સ. ગીત વચ્ચે હેરીએ પિસ્તોલના ટ્રિગર પર આંગળી દબાવી દીધી. ધડાધડ ત્રણ વખત ટ્રિગર દબાતું રહ્યું. ગોળીની ત્રિપુટીએ સ્ટેનફોર્ડના શરીરમાં શરણ લઈ લીધું. એ ચહેરાના પ્રેમમાં પડી તો ત્રીજી એ ડાબા ખભા સાથે ઈલુ ઈલુ કર્યું. તાબડતોડ સ્ટેનફોર્ડ વ્હાઈટના નામ આગળ સ્વર્ગસ્થ અંકિત થઈ ગયું.



બીજી તરફ મ્યુઝિકલ માણસો પ્રેક્ષકોને બેંક ગ્રાઉન્ડમાં ગોળી છોડવાનો અવાજ કરાઈ રહ્યો છે. પરંતુ નજીક બેસેલા લોકોએ જોયું કે ગોળી વાગવાથી વ્હાઈટનો ચહેરો ગનપાવડરથી કાળો મસ થઈ ગયો હતો. કંઈક અંશે વિકૃત પણ લાગતો હતો. વિશ્વ વિખ્યાત આર્કિટેકટના ચહેરાનું માળખું એટલું અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. કે ઓળખી ન શકાય.

શરૂઆતમાં તો ગોળીના અવાજનો ભાગ સમજીને દર્શકોએ તાળી પાડી. એ સમયે બે હાથ ભેગા થયા પણ હકીકત જાણ્યા બાદ બે હોઠ વચ્ચેની જગ્યા લાંબો સમય ટકી રહી. નાટકમાં પ્રેકટિકલ જોક્સની આદતથી ટેવાયેલી પ્રજામાં ઝડપભેર હકીકત ફેલાઈ ગઈ કે ગોળી તો સાવ સાચુકલી છુટી છે અને ધ સ્ટેનફોર્ડ વ્હાઈટનું ખૂન કરાયું છે.

તમાશાને ભલે તેડું ન હોય પણ ઉચ્ચ સમાજના પ્રેક્ષકો તો સ્ટેનફોર્ડ વ્હાઈટની ખબર જોવા જવા કે ફિકર કરવાને બદલે જીવ બચાવા ઉચાળા ભરવા માંડ્યા.

હેરી કેન્ડેલ શા માટે જાહેરમાં આવું અત્યાંતિક પગલું ભર્યુ? સ્ટોનફોર્ડ વ્હાઈટનું કાસળ કાઢી નાખતા શા માટે એ બોલ્યો કે તે મારી પત્નીનું જીવન બરબાદ કરી નાખ્યું? આ સવાલો અમેરિકન પ્રજા અને પ્રસાર માધ્યમો ઉપરાંત અદાલતમાં ખૂબ ગાજવાના હતા. મર્ડર સાથે સંકળાયેલા ત્રણેય જણા ખૂબ મોટા માથા હતા એટલે સૌના રસમાં પળપળ રણવૃદ્ધિ વ્યાજની જેમ વધારો થતો રહેવાનો હતો. સ્ટેનફોર્ડ વ્હાઈટની જીવન લીલા પર તો પૂર્ણવિરામ મુકાઈ ગયું. આ કૃત્ય સેંકડોની હાજરીમાં કર્યું હોવાથી શું એને ફાંસી કે આજીવન કેદ થશે? અને ફૂટકડી એવલિન નેસ્બિટનું હવે શું? આ ખટલો અમેરિકાના ન્યાયતંત્રમાં નવું સીમાચિન્હ ઉમેરવાનો હતો. એમાંય મીડિયાને ગોળનું ગાડું મળી ગયું ને એ ય માલિક વગરનું. સરેસામ એક યુવાન શ્રીમંત નબીરાએ પ્રતિષ્ઠિત ધનવાનની હત્યા કરી નાખી

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

**21 વર્ષની એક્ટ્રેસ એવલિન નિસ્બેટ મ્યુઝિકલના ક્લાઇમેક્સમાં ગળાડૂબ હતી, ત્યારે 35 વર્ષનો પતિ હેરી થો ગુસ્સામાં 52 વર્ષના સ્ટેનફોર્ડની સીટ સામે પિસ્તોલ કાઢીને ઊભો હતો. આઈ કુડ લવ અ મિલિયન ગર્લ્સ. ગીત વચ્ચે હેરીએ પિસ્તોલના ટ્રિગર પર આંગળી દબાવી દીધી**

અને નિમિત્ત હતી એક કમનીય લલના. આનાથી વધુ જોઈએ શું ટેબ્લોઈડ જર્નાલીસ્મને!

અને અને આ લાઈવ મર્ડરનું નિમિત્ત બનેલા સાધારણ મનોરંજક મ્યુઝિકલ મેમઝેલ શેમ્પેઈન જ એકાએક હિટ થઈ ગયું. મફતની મળેલી જબરદસ્ત પબ્લિસિટીને પ્રતાપે એ સુપરહિટ થઈ ગયું. જોતજોતામાં એનાં 60 શો થયા અને બધેબધા હાઉસફુલ, કોઈકના કમોતે અપાવી કોઈકને અણધારી સફળતા!

આ ખટલો દેશ તરીકે અમેરિકાની જ નહીં, એના પ્રજાજનો, ન્યાયતંત્ર, પોલીસ વ્યવસ્થા અને મીડિયા માટે મોટો લિટમસ ટેસ્ટ-તેજાબી પરીક્ષા સાબિત થવાનો હતો અને અને રિઝલ્ટમાં કોઈપાસ થવાનું નહોતું, સિવાય કે ડૉલર! (ક્રમશઃ)

## શરદ પવારના રાજકીય ભવિષ્ય અંગે ઊઠતા સવાલો

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના વડા શરદ પવારનો રાજ્યસભાનો કાર્યકાળ આ વર્ષે 2 એપ્રિલે પૂર્ણ થઈ રહ્યો છે, જેને લઈને તેમના રાજકીય ભવિષ્ય વિશે અનેક પ્રશ્નો ઊઠી રહ્યા છે. જોકે, આ પીઢ નેતાએ વારંવાર જાહેર કર્યું છે કે તેઓ નિવૃત્ત થવા માંગે છે અને સંસદમાં બીજી ટર્મ નથી ઈચ્છતા, પરંતુ પડદા પાછળની ગતિવિધિઓ સૂચવે છે કે તેમની પાર્ટી તેમને ફરીથી જીતાડવા માટે પ્રયત્નશીલ છે. જો શરદ પવાર ચૂંટણી લડવા સંમત થાય તો આ ચૂંટણી ખૂબ જ રસાકસીભરી બની શકે છે.



મહારાષ્ટ્રની રાજ્યસભાની સાત બેઠકો એપ્રિલમાં ખાલી પડી રહી છે. સત્તારૂઢ 'મહાયુતિ' પાસે વિધાનસભામાં એટલી સંખ્યા છે કે તેઓ છ બેઠકો આરામથી જીતી શકે છે. જો કોંગ્રેસ, એનસીપી (એસપી) અને ઉદ્ધવ ઠાકરેની શિવસેનાવાળુ વિપક્ષી ગઠબંધન 'એમવીએ' એકજુથ થઈને મતદાન કરે તો તે સાતમી બેઠક જીતી શકે છે. શું શરદ પવાર આ અનિશ્ચિતતા વચ્ચે ચૂંટણી લડવાનું જોખમ ઉઠાવશે? તાજેતરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાગીદારો અલગ-અલગ લડ્યા હોવાથી એમવીએ વિખેરાયેલું છે. મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, એમવીએ ભાગીદારોને ફરી એક કરવા અને વરિષ્ઠ પવારના સમર્થનમાં લાવવા માટે ભારે પ્રયાસો ચાલુ છે. આ ઉપરાંત, પરિવારના વડીલના સન્માન ખાતર અજિત પવાર જૂથને પણ શરદ પવારને ટેકો આપવા માટે સમજાવવાની વાતો ચાલી રહી છે. ઘણો ખરો આધાર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના વલણ પર છે. તેઓ ભાજપ માટે એક કુશળ વ્યૂહરચનાકાર તરીકે ઊભરી આવ્યા છે. જોકે, જિલ્લા પરિષદના પરિણામો દર્શાવે છે કે, અજિત પવારના વિમાન અકસ્માતમાં અચાનક થયેલા મૃત્યુ બાદ પવાર પરિવાર પ્રત્યે જનતામાં મજબૂત સહાનુભૂતિ છે. હવે ફડણવીસે એ નક્કી કરવાનું રહેશે કે તેઓ રાજ્યના સૌથી કદાવર મરાઠા નેતા શરદ પવારનું સન્માન જાળવે છે કે ક્રોસ વોટિંગ કરાવીને સાતમી બેઠક જીતવા માટે લડત આપે છે.

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## ગલગોટિયા યુનિવર્સિટીના ગોટાળા ભાજપ માટે પણ શરમજનક

નોઈડા સ્થિત ગલગોટિયા યુનિવર્સિટી દ્વારા નવી દિલ્હીમાં એઆઈ ગ્લોબલ સમિટમાં ચીન નિર્મિત 'રોબોડોગ'ને પોતાની શોધ તરીકે રજૂ કરવાનો પ્રયાસ માત્ર રાષ્ટ્રીય શરમ નથી, પરંતુ ભાજપ માટે પણ શરમજનક છે. કારણ કે, યુનિવર્સિટી તેની સાથે જોડાયેલી છે. સોશિયલ મીડિયા પર યુનિવર્સિટીની મજાક ઉડાવતા ટ્વીટ્સનો મારો ચાલી રહ્યો છે અને ભૂતકાળમાં સત્તારૂઢ ભાજપને ખુશ કરવાના તેના પ્રયાસોને યાદ કરવામાં આવી રહ્યા છે. દાખલા તરીકે, યુનિવર્સિટીના એક ફેકલ્ટી




સભ્યએ એક રિસર્ચ પેપર બહાર પાડ્યું હતું જેમાં 'તાળી અને થાળી'ને કોરોના વાયરસ મારવાના સાધન તરીકે વખાણવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, મોદી સરકારે લોકોને વાયરસને ભગાડવા માટે તાળીઓ પાડવા અને ચમચી વડે થાળી વગાડવા વિનંતી કરી હતી. 2024ની લોકસભા ચૂંટણી દરમિયાન કોંગ્રેસના મેનિફેસ્ટોમાં સંપત્તિની પુનઃવહેંચણીના વચનની ટીકા કરવા માટે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. તે પ્રદર્શનની ક્લિપ્સ ત્યારે વાયરલ થઈ હતી અને અત્યારે ફરીથી જોવામાં આવી રહી છે, કારણ કે વિદ્યાર્થીઓ કોંગ્રેસ હેડક્વાર્ટરની બહાર વિરોધ કરવાના કારણથી અજાણ લાગતા હતા. તેઓ ટીવી પત્રકારોને સમજાવવા માટે મથામણ કરી રહ્યા હતા કે તેઓ ત્યાં કેમ છે અને અંતે તેમાંથી એકે સ્વીકાર્યું હતું કે તેમને ભાજપ દ્વારા પ્રદર્શન કરવા માટે મોકલવામાં આવ્યા હતા. એઆઈ સમિટની આ ઘટના ખાનગી યુનિવર્સિટીઓની સ્થિતિ પર આંખ ઉઘાડનારી હોવી જોઈએ, જે વિદ્યાર્થીઓ પાસેથી મસમોટી ફી વસૂલે છે.

## મણિશંકર અય્યરની ટીકા અને કોંગ્રેસની નારાજગી

કોંગ્રેસના ઘણા નેતાઓ વરિષ્ઠ નેતા અને પૂર્વ યુપીએ કેન્દ્રીય મંત્રી મણિશંકર અય્યર દ્વારા તેમની કેરળ મુલાકાત દરમિયાન કોંગ્રેસની કરવામાં આવેલી ટીકા અને આગામી વિધાનસભા ચૂંટણીમાં લેફ્ટ ફ્રન્ટ ત્રીજી વખત જીતશે તેવી તેમની આગાહીથી નારાજ છે. નેતાઓ યાદ કરે છે કે,



અય્યરને 2004માં કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારમાં માત્ર કેન્દ્રીય મંત્રી જ નહોતા બનાવવામાં આવ્યા, પરંતુ તેમની રહેવાની જરૂરિયાતો પૂરી કરવા માટે તેમને રાજ્યસભાના નામાંકિત સભ્ય તરીકેની ટર્મ પણ આપવામાં આવી હતી. રાજ્યસભાની સદસ્યતા સાથે લ્યુટિયન દિલ્હીમાં બંગલો પણ મળે છે. અય્યર તે સમયે ઘર વિનાના હતા, પરંતુ રાજીવ ગાંધી સાથે અય્યરની ગાઢ મિત્રતાને ધ્યાનમાં રાખીને સોનિયા ગાંધીએ ભાજપની ટીકાઓ વહોરીને પણ પક્ષના સભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રીને મદદ કરવા માટે રાજ્યસભામાં નામાંકિત કર્યા હતા. હકીકતમાં, અય્યર જ્યારે અમૃતસર થઈને પાકિસ્તાન જઈ રહ્યા હતા ત્યારે તેમને સોનિયા ગાંધીનો ફોન આવ્યો હતો. તેમણે અય્યરને તાત્કાલિક દિલ્હી પાછા આવવા અને રાજ્યસભા માટે નામાંકન ભરવા કહ્યું હતું. કોંગ્રેસના વર્તુળોમાં એવી લાગણી છે કે, જ્યારે તેમને જરૂર હતી ત્યારે ગાંધી પરિવારે કરેલી આટલી મદદ છતાં તાજેતરમાં રાહુલ ગાંધીની કોંગ્રેસની ટીકા કરીને તેમણે કૃતઘ્નતા દર્શાવી છે.

